

(21)

## (A - 14)
## ધન્ય દિવ્ય વાણી ૐકારને રે,

(સહુ ભાવે નમો ગુરુરાજને રે–એ દેશી)

ધન્ય દિવ્ય વાણી ૐકારને રે,
જેણે પ્રગટ કર્યો આત્મદેવ;
જિનવાણી જયવંત ત્રણલોકમાં રે. ૧

સ્યાદ્વાદ-અંકિત શાસ્ત્રો મહા રે,
સમયસાર પ્રવચનસાર....જિનવાણી૦ ૨

સર્વાંગેથી દિવ્યધ્વનિ ખીરતી રે,
જેમાં આશય અનંત સમાય...જિનવાણી૦ ૩

સુવિમલ વાણી વીતરાગની રે,
દર્શાવે શુદ્ધાત્મ સાર....જિનવાણી૦ ૪

શુદ્ધામૃત પૂરિત સરિતા વહે રે,
વહે પૂર અનાદિ–અનંત.....જિનવાણી૦ ૫

માત રત્નત્રયી દાતાર છો રે,
તું છો ભવસાગરની નાવ....જિનવાણી૦ ૬

શિવમાર્ગ–પ્રકાશક ભારતી રે,
કરે કેવળજ્ઞાન વિકાસ....જિનવાણી૦ ૭

ખોલ્યાં રહસ્ય જિનવાણી માતનાં રે,
ગુરુ કહાન વરતાવે જયકાર.....જિનવાણી૦ ૮